# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

## ○ પરિશિષ્ટ-2 ○

○ લેખક ○

**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

# પરિશિષ્ટ-૨

## ચાલો.. શાસન સેવા કાજે
## જીવન અર્પણ કરીએ.

(પં.દિપક કોઠારી-ભુજ દ્વારા સંપાદિત પુસ્તકમાંથી સાભાર)

### *કેસરીયો રંગ જિનશાસનનો આયજો.*

અરે ઓ શાસનના જળહળતા સિતારાઓ !

જેમ દેશની રક્ષા કાજે જવાનો હસતા મોઢે પ્રાણની આહુતિ આપતાં જરાય ખચવાટ અનુભવતાં નથી. તેમ લોકોત્તર જિનશાસનની રક્ષા માટે સતત ઝઝૂમવું જોઇએ. જરૂર પડે તો પ્રાણની આહુતિ માટે પણ તત્પરતા દાખવીએ તો કહેવાય કે શાસન આપણને પ્રાણ થકી પણ પ્યારું છે.

યાદ કરીએ યુગપ્રધાન આચાર્યસમ પ.પૂ.પંન્યાસપ્રવર ગુરુદેવ શ્રી ચન્દ્રશેખર વિજયજી મહારાજા. કે જેઓ જિંદગીના અંત સુધી શાસનની રક્ષા માટે ઝઝૂમતા રહ્યા. જેમના રોમેરોમમાં-લોહીના હરબુંદમાં શાસન પ્રત્યેનો જબરદસ્ત પ્રેમ હતો. અંતરીક્ષજી તીર્થની રક્ષા માટે ત્રણ ચાતુર્માસ કર્યા, અનેકવાર અબોલ જીવોની રક્ષાર્થે કતલખાના બંધ કરાવ્યા. અનેક સંયમીઓને વાચના દ્વારા સંયમમાં સ્થિર કર્યા, ભાવિ પેઢીને તૈયાર કરવા બે-બે તપોવનની પ્રેરણા, ગિરનાર રોપ-વે નો વિરોધ, અનેક શિબિરો, વર્ધમાન સંસ્કારધામની સ્થાપના, વીર સૈનિકો, દેશ-વિદેશમાં પર્યુષણની આરાધનાર્થે યુવાનો તૈયાર કર્યા, ગામેગામમાં મહાવીર ખીચડીઘર, ધર્મ-સંસ્કૃતિ અને રાષ્ટ્રરક્ષા માટે અનેક પુસ્તકોનું લેખન આવા તો અનેકાનેક કાર્યો કરીને ગુરુદેવ અમર થઇ ગયા.

ઈતિહાસમાં થોડી નજર કરીએ તો ખ્યાલ આવશે કે શાસનની

રક્ષા માટે અનેક મહાનપુરુષોએ પોતાના બલિદાન આપ્યા છે. ઓલા પૂ.યક્ષદેવસૂરિજી મ.સા. કે ધર્મદ્વેષી મહંમદગીઝની મહુવા આવ્યાના સમાચાર મળતાં ૩૬ સાધુઓને બે-બે પ્રતિમાઓ ઉપડાવી મોટા ખુંટવાડાના રસ્તે મોકલ્યા. અનેક પ્રતિમાઓ છુપાવી દીધી. ગીઝનીને ખબર પડતાં ૩૬ સાધુઓના ધડથી મસ્તક અલગ કરી નાંખ્યા.

આચાર્ય કાલકસૂરિજીએ સાધ્વીશ્રી સરસ્વતીજીના શીલરક્ષાર્થે ગર્દભિલ્લ રાજા સાથે યુદ્ધ કરી વિજય મેળવી તેમની રક્ષા કરી. ઓલા બાલમુનિને તમાચો મારનારના વસ્તુપાલ-તેજપાલે આંગળા કપાવ્યા. ઓલા અપાત્ર બાલચંદ્રમુનિને આચાર્ય પદ ન આપવાના અડગ નિર્ધારે આચાર્ય રામચંદ્રસૂરિજી હસતા મુખે મરણને શરણ થયા. અરે આજેય ગિરનાર તીર્થની રક્ષાર્થે પ.પૂ.આ. હેમવલ્લભસૂરિજી મ.સા. આજીવન આયંબિલ કરી રહ્યા છે. ઓલા દર્શનાબેન કે જેઓ સમેતશિખરજીની રક્ષાર્થે છેલ્લા દશ વર્ષથી અટ્ઠમના પારણે અટ્ઠમ કરી રહ્યા છે.

આવા અનેક મહાપુરુષોની શાસનભક્તિને જોતાં આપણાં સહુંમાં પણ શાસન પ્રત્યેની વિશિષ્ટ ભક્તિ પેદા થાય તે માટે પ્રભુને પ્રાર્થના કરીએ કે ''કેસરીયો રંગ જિનશાસનનો આપજો.''

**ચાલો ! શાસન સુભટોને તૈયાર કરીએ.**

**जिनो देवः कृपा धर्मो, गुरवो यत्र साधवः ।**
**श्रावकत्वाय कस्तस्मै न श्लाघेता विमूढधीः ।।**

(યોગશાસ્ત્ર)

અર્થાત્ : જેને ભગવાન તરીકે જિનેશ્વર દેવ મળ્યા છે, ગુરુ તરીકે સુસાધુ મળ્યા છે અને કરૂણામૂલક ધર્મ મળ્યો છે

તે શ્રાવકો (જૈનો) ના વખાણ દુનિયાનો કયો ડાહ્યો માણસ કર્યા વિના ન રહે?

અરે ઓ શાસન સેવા તત્પર યુવાનો ! શું તમારા હૈયામાં શાસન સેવાની ખેવના જાગી છે? તો તમારા જેવો ભાગ્યશાળી બીજો કોઇ હોઇ શકે?

યાદ કરીએ એ સમ્રાટ સંપ્રતિ મહારાજાને જેમણે સવાલાખ જિનમંદિરો અને સવાક્રોડ જિન પ્રતિમાઓ ભરાવી હતી. તેઓએ અનેક શાસન સુભટોને તૈયાર કરી દેશના ખુણે ખુણે મોકલી પ્રભુ મહાવીર દેવના મહાન સિદ્ધાંતોને લોકોના ઘર-ઘરને ઘટ-ઘટ સુધી પહોંચાડ્યા હતા અને અનેક લોકોએ સહર્ષ જૈન ધર્મનો સ્વીકાર કર્યો હતો. તે સમયે જૈનોની સંખ્યા ૪૦ કરોડની થઇ હતી. આજે ચારેય ફિરકાની સંખ્યા લગભગ ચાર કરોડની અંદર છે.

વર્તમાન સમયે શાસનના સુભટ સમા શાસનરત્ન શ્રી કુમારપાળ વી.શાહ, શ્રી કલ્પેશભાઇ વી. શાહ, જેવા અનેક નામી-અનામી શ્રાવકો પોતાના જીવનનો મહત્તમ સમય શાસનની સેવા, ભક્તિ અને અને પ્રભાવનામાં વ્યતિત કરે છે.

પ્રભુ મહાવીરના શાસનને હજી અઢાર હજાર વર્ષ સુધી અસ્ખલિતપણે ચલાવવા આપણો પ્રયત્ન પણ એમાં ભળવો જ જોઈએ. પૂજ્યપાદ ગુરુદેવ પં.શ્રીચન્દ્રશેખર વિજયજી મ.સા. એ વર્ધમાન સંસ્કારધામ સ્થાપી વીર સૈનિકના નામે આ શકવર્તી કાર્ય કરી અનેક યુવાનોને પર્યુષણ, આરાધના, તીર્થરક્ષા, પાઠશાળા, જીવદયા, માનવતા આદિ કાર્યોમાં સક્રિય બનાવ્યા. યુવા હૃદયસમ્રાટ પ.પૂ.આ.ભ. શ્રી હેમરત્નસૂરિજી મ.સા. પ્રેરિત એલર્ટ ગ્રુપ પણ શાસનસેવામાં તત્પર છે. પ.પૂ.આ.શ્રી મુક્તિવલ્લભસૂરિજી, પ.પૂ.આ.શ્રી ઉદયવલ્લભસૂરિજી મ.સા. પ્રેરિત સમકિત મંડળ પણ

શાસન સેવામાં ખૂબ જ કટીબદ્ધ છે. સાથે પ.પૂ.આ. સંયમબોધિસૂરિજી મ.સા. પ્રેરિત મંડળના યુવાનો પણ એટલા જ કાર્યરત છે. પણ આટલા માત્રથી સંતોષ વ્યક્ત કરવા જેવો નથી.

દરેક પ્રભાવક આચાર્ય ભગવંતો ચુનંદા એવા શાસનરાગી, જ્ઞાની, આચારસંપન્ન, વક્તા પાંચથી દશ યુવાનોને તૈયાર કરી તેના જીવનની બધી જવાબદારી કમિટી બનાવીને લઇ લે તો જુઓ ચારે બાજુ જૈનધર્મનો જયજયકાર થઈ જાય. તો ચાલો શાસન સુભટોને તૈયાર કરી શાસનભક્તિની મશાલને ઝગમગમતી બનાવીએ.

## ચાલો ! પાઠશાળાને ધમધમતી બનાવીએ.

પાઠશાળામાં પધારજો, જ્ઞાન-સંસ્કાર અપનાવજો

જીવનપંથ દીપાવજો, આતમને અજવાળજો.

અરે ઓ સમ્યગજ્ઞાન પ્રેમી અધ્યાપકશ્રીઓ ! ટ્રસ્ટીઓ ! વાલીઓ ! વિદ્યાર્થીઓ !

આપણા જીવનને નંદનવન બનાવનારી જ્ઞાન અને સંસ્કારના પરબ સમી પાઠશાળાને ધમધમતી બનાવવા સહુ મળીને સહિયારો પ્રયાસ કરીને... નીચેના મુદ્દાઓ તમને ખૂબજ ઉપયોગી થશે તેવો મારો વિશ્વાસ છે.

૧. નિયમિતતા એ મોટો ગુણ છે માટે શિક્ષકોએ પાઠશાળામાં નિયમિત આવવું જોઇશે.
૨. પાઠશાળાનો ટાઈમ શ્રી સંઘના બોર્ડ પર અવશ્ય લખવો જોઇએ.
૩. જ્ઞાનનું મહત્વ આપનારા સુવિચારો બોર્ડ ઉપર ખાસ લખવા જોઇએ.

૪. બાળકોના વાલીઓને અવસરે પ્રેરણા કરી બાળકોને મુકવા પ્રયત્નશીલ કરવા.
૫. બાળકોને ખૂબ જ પ્રેમથી અને નામથી બોલાવીને જ્ઞાન સાથે સુસંસ્કારો આપવા.
૬. પાઠશાળામાં સહુપ્રથમ સામૂહિક પ્રાર્થનાનો ઉદ્‌ઘોષ જગાવવો.
૭. ગુરૂદેવશ્રીની મૂર્તિ કે ફોટો હોય ત્યાં સામૂહિક રીતે બાળકો પાસે ગુરૂવંદના કરાવવી.
૮. અઠવાડિયામાં એકાદ દિવસ બાળકોને ટચૂકડી વાર્તા કહી બોધ આપવો.
૯. વંદિત્તુ કે શાંતિ જેવા મોટા સૂત્ર કંઠસ્થ કરનારને તિલક કરી ગીફ્ટ આપવી.
૧૦. કોઇ બાળકોને મારવા નહિ (એ જમાનો ગયો) મીઠો ઠપકો આપી શકાય!
૧૧. બાળકોને ગાથા ચીપી ચીપીને શુદ્ધ આપીને ફરી તેની પાસે આખી બોલાવવી.
૧૨. શક્ય હોય તો નવી ગાથા નોટબુકમાં લખી લાવે ને ચેક કરીને સહી કરવી.
૧૩. આગળના સૂત્રો ન ભૂલાય તે માટે સરખા અભ્યાસી બાળકોને પુનરાવર્તન કરાવવું.
૧૪. અઠવાડિયામાં એક દિવસ'કાવ્યગાન' રાખી સ્તુતિ, સ્તવન, થોય, સજઝાય વગેરે કરાવવા.
૧૫. ખાસ કારણ વિના પાઠશાળામાં શિક્ષકે મોબાઇલ વાપરવો નહિ.
૧૬. દરેક બાળકોમાંથી રોજ ચૂંટેલા પાંચ બાળકોના જૂના સૂત્રો વારાફરતી લેવા.
૧૭. સંઘના દાનવીર શ્રાવકોને પ્રેરણા કરી બાળકોને પ્રોત્સાહન

માટે તૈયાર કરવા.

૧૮. મહિનામાં એક-બે વાર પ્રેક્ટિસ પ્રતિક્રમણ કરાવી, સૂત્રો બોલાવી, બાળકોને ઇનામ આપવા.

૧૯. બાળકો દોડતા દોડતા પાઠશાળા આવે એવું વાતાવરણ ઉભું કરવું.

૨૦. આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી વોટ્સઅપ ગ્રુપ બનાવી તેમાં સૂચના આપવી.

૨૧. રોજ ફિક્સ ટાઈમે વોટ્સઅપથી ત્રણ પ્રશ્નો પૂછાય..સાચો જવાબ આપનાર બીજા દિવસે પાઠશાળા આવે તો જ ઇનામ આપવું.

૨૨. સામૂહિક સ્નાત્રપૂજા, અષ્ટપ્રકારી પૂજા, સામાયિક આદિની સૂચના ગ્રુપમાં કરવી.

૨૩. જે બાળકોના જન્મદિવસ આવતા હોય તેને પણ મોબાઈલ-પાઠશાળામાં શુભકામના પાઠવવી...ગિફ્ટમાં પેન કે કોઇ વસ્તુ આપી શકાય.

૨૪. દર મહિને શ્રેષ્ઠ બાળક-બાલિકાઓને ઇનામ આપી શકાય.

**ચાલો ! પાઠશાળાને પ્રાણવંતી બનાવીએ.**

**“સમ્યગ્જ્ઞાનએ ફૂલ છે, તેને ન લેવું તે ભૂલ છે.**

**એ ભૂલમાં જે મશગુલ છે; તેનું જીવન ધૂળ છે.”**

જ્ઞાનપંચમીના ચૈત્યવંદનમાં લખ્યું છે કે ‘‘જ્ઞાન વિના પશુ સરખા, જાણો એણ સંસાર; આરાધનાથી લહે શિવપદ સુખ શ્રીકાર.’’ સમ્યગ્જ્ઞાન એવો પ્રકાશ છે જેમાં આત્માના હિત અહિતને જાણી શકો છો. તો આવો ! પાઠશાળાને પ્રાણવંતી બનાવનારા પોઇન્ટો વાંચી... સમજી... અનુસરીએ.

૧. જ્ઞાનદાન એ સર્વશ્રેષ્ઠ દાન છે...એ પંક્તિને ધ્યાનમાં લઇ ખૂબજ ઉત્સાહપૂર્વક વિદ્યાર્થીઓને ભણાવવા જોઇએ.

૨. પુસ્તક નીચે ન રખાય, જ્ઞાનની આશાતના થાય તે મલ્લમુનિની વાર્તાથી સમજાવવું.

૩. કટાસણું, મુહપત્તિ, સાપડો અને પુસ્તક ફરજિયાત લાવવા કહેવું.

૪. બાળકોને બરમૂડા કે ટી-શર્ટ વગેરે પહેરીને પાઠશાળા ન જવાય તેવું સમજાવવું.

૫. શક્ય હોય તો એકસરખો યુનીફોર્મ અથવા કોટી બનાવવી.

૬. અધ્યાપકે બાળકોના સૂત્રની ભૂલને સુધારવા તે લાઇન ત્રણથી પાંચ વાર બોલાવડાવી.

૭. બાળકોની ભૂલ થાય ત્યાં પુસ્તકમાં પેન્સિલથી લાઈન કરી, સુધારવા કહેવું.

૮. ભૂલ સુધરે એટલે રબરથી તે લાઇન દૂર કરી બાળકોને શાબાશી આપવી.

૯. દરેક નવું સૂત્ર શરૂ કરતા પહેલા તે સૂત્રના રચયિતાશ્રીનું નામ નવ વખત બોલાવી તેઓશ્રીને વંદન કરાવી સૂત્રનું ગુણવાચકનામ. કેટલી ગાથા? વગેરે શીખવવું.

૧૦. પાઠશાળામાં નાનકડું જ્ઞાન મંદિર શક્ય હોય તે બનાવડાવવું... જેમાં ૪૫ આગમની પ્રતો અથવા નામ આદિ રાખી શકાય... નવું સૂત્ર શરૂ કરતા પહેલા ત્રણ પ્રદક્ષિણા અપાવવી... રોજ જ્ઞાનને પાંચ ખમાસમણ અપાવવા.

૧૧. બાળકોને રજા હોય ત્યારે સમૂહ ઉપાશ્રયે લઇ જઇ ગુરૂદેવને ગુરૂવંદના કરાવવી. સમય હોય તો હિતશિક્ષા સંભળાવવી.

૧૨. બાળકોને દયા-કરૂણા-માનવતાના સંસ્કારો પડે તે માટે મહિનામાં એકાદ રવિવારે અનાથાશ્રમ, હોસ્પિટલ, પાંજરાપોળ આદિમાં લઈ

જઈ ફ્રુટ/ઘાસ આદિનું વિતરણ તેઓના હાથે જ કરાવવું.

૧૩. બાળકોને અભિનય કળામાં પારંગત કરવા વર્ષમાં એકવાર વાર્ષિક મેળાવડાનું આયોજન કરવું. તેમાં નાટીકા, નૃત્યભક્તિ, ડિબેટ, સાંસ્કૃતિક પોગ્રામ રાખવો.

૧૪. પાઠશાળાને પ્રાણવંતી બનાવવી એ જિનશાસનની મોટી સેવા છે.

૧૫. જ્ઞાનપ્રાપ્તિ માટે "ૐ હ્રીં નમો નાણસ્સ' મંત્રનો જપ કરવો.

૧૬. શીઘ્ર સ્મરણશક્તિ માટે "ૐ હ્રીં અર્હં ણમો કુટ્ઠબુદ્ધિણં" લબ્ધિમંત્રનો જપ કરવો.

૧૭. જ્ઞાનપંચમીના ઉપવાસ ન થાય તો છેવટે એકાસણાની પ્રેરણા કરવી.

૧૮. જ્ઞાનની સાથે ક્રિયામાં રૂચી વધે તેવા પ્રયત્નો કરવા.

૧૯. વર્ષમાં એકવાર સંઘના ટ્રસ્ટીઓને કહી તીર્થયાત્રાનું આયોજન કરવું જોઇએ.

૨૦. હોળી, ધુળેટી, ઉત્તરાયણ, નવરાત્રિ આવા મિથ્યા પર્વો આવે તે પહેલા તેના ત્યાગની પ્રેરણા કરવી.

## ચાલો ! વિહારગ્રુપમાં જોડાઈએ.

**સુરર્દ્ધિ સુકુલોત્પત્તિ, ભોગ લબ્ધિશ્ચ જાયતે ।**
**સાધુનાં સ્થાનદાનેન, ક્રમાન્ મોક્ષશ્ચ લભ્યતે ।।**

અર્થાત્ : સાધુ-સાધ્વીજી ભગવંતોને સ્થાન પ્રદાન કરનાર દૈવી સમૃદ્ધિ, ઉત્તમ કુળમાં જન્મ મેળવી ભોગલબ્ધિ પામીને અનુક્રમે મોક્ષપદને પામે છે.

અરે ઓ શ્રમણોપાસક પુણ્યાત્માઓ !

જેઓ સંસારના ગણાતાં ભૌતિક સુખોને ત્યાગી પ્રભુવીરે પ્રરૂપેલા સર્વત્યાગના સંયમમાર્ગે પ્રયાણ કરી સાધુજીવનની મહાન સાધના

કરી રહ્યા છે. તેવા પંચમહાવ્રતધારી સાધુ-સાધ્વીજી ભગવંતોની સેવા-વેયાવચ્ચ કરવી તે મહાન લાભ છે. ઉપરોક્ત શ્લોકમાં માત્ર સ્થાન દાનનો જો આટલો મહિમા બતાવાયો હોય તો તેઓશ્રીના સાધનાપૂત દેહરૂપ દ્રવ્યપ્રાણની રક્ષામાં નિમિત્ત બનવાનો લાભ તો કંઇક અધિકો હોય તે સહજ સમજી શકાય તેવું છે.

થોડા સમય પહેલા તો રોજ સવાર પડેને કોઇક મહાત્માના એક્સિડન્ટ થયાના અમંગલ સમાચાર સાંભળતા હૈયું વ્યથિત બની જતું. જેઓની દીક્ષામાં કેટલો ઉત્સાહી શ્રીસંઘ બને છે. કેવા મહોત્સવો, સન્માન સમારોહ યોજે અને સંયમી બન્યા બાદ તો તેઓની ભક્તિવિશેષ થવી જોઇએ કે નહિ?

પ્રવચન શિખર પ.પૂ.આ.ભ. શ્રી મહાબોધિસૂરીશ્વરજી મ.સા.એ સંયમીની સુરક્ષા માટે બુલંદ અવાજે પ્રેરણા કરી અને ઠેર-ઠેર ‘વિહાર સેવક ગ્રુપ’ની સ્થાપના કરી. તેની બહુ મોટી ફળશ્રુતિ એ આવી કે એક્સિડન્ટનું પ્રમાણ ખુબ ઓછું થઇ ગયું. તાજેતરમાં જ ભિવંડીના થનગનતા ૨૧ વર્ષીય લકીશ અનિલભાઈ જૈન-જે ભીવંડીના વિહાર ગ્રુપમાં સેવાર્થે જોડાયેલા હતાં. પ.પૂ.આ.ભ.શ્રી મલયકીર્તિસૂરીશ્વરજી મ.સા.ની વિહારમાં પોતાના પ્રાણનું બલિદાન આપી પૂજ્ય આચાર્ય ભગવંતના દ્રવ્યપ્રાણની રક્ષા કરી અમરતા પામ્યો. સમસ્ત શ્રીસંઘોએ લકીશભાઇની વીરતા અને શ્રમણરક્ષાની અનુમોદના કરી.

વિહાર ગ્રુપમાં સેવક તરીકે જોડાવાના અનેક લાભો છે. ગુરૂદેવના નિકટથી પરિચય અને સત્સંગ થતા જીવન ધર્મથી વાસિત બને છે. પ્રભુ વીરનો આત્મા નયસારના ભવે ગુરૂને વળાવવા જતાં સમકિત પામી પરંપરાએ પ્રભુ મહાવીર બન્યા. તો આવો, આપણાં જૈનશાસનની મહામૂડી સમા શ્રમણ-શ્રમણી

ભગવંતોની ભક્તિ અને સુરક્ષાર્થે વિહારગ્રુપના સેવક તરીકે જોડાઇને ધન્ય બનીએ.

## શું તમારે બનવું છે ? જૈન પ્રોફેસર

**ज्ञानं निष्कारणो बंधु, ज्ञानं यानं भवाम्बुधौ ।**
**ज्ञानं प्रस्खलतां दृष्टि, ज्ञानं दीपस्तमोहरे ।।**

અર્થાત્ : જ્ઞાન એ કારણ વિનાનો ભાઇ છે. જ્ઞાન એ ભવસાગરમાં તરવા માટે જહાજ સમાન છે; ભૂલા પડી જનાર માટે જ્ઞાન એ દૃષ્ટિ છે; ઘોર અંધકારમાં જ્ઞાન એ દીપક છે.

અરે ઓ સંતાન હિતેચ્છુ માતા-પિતાઓ ! શું આપ આપના સંતાનોનું હિત ઇચ્છતા હો તો એકવાર આ વાતને ગંભીરતાથી વાંચો. તમારું સંતાન જિનશાસનનું ઝવેરાત બની જાશે.

આજના વાલીઓની સૌથી મોટી ચિંતા સંતાનોને શિક્ષણ સાથે સુસંસ્કાર આપવાની છે. પોતાના જીવનની તમામ મૂડીને સંતાનોના કેરીયર બનાવવા પાછળ લગાવી દે... પોતાની બધી ઇચ્છાઓ... શોખ બધું નેવે મૂકીને કાળી મજૂરી કરીને સંતાનો ભણી ગણીને કેમ સુખી થાય બસ એજ વિચારવામાં અને ભણાવવામાં પોતાની જિંદગી દાવ પર લગાવી દે.

આજે જોઇએ છીએ કે સ્કૂલો, કોલેજો અને ડીગ્રીલક્ષી શિક્ષણ કેટલું મોંઘુ થઇ ગયું છે. મોંઘીદાટ ફી અને ડોનેશનો ! ઘણીવાર વાલીઓની દયનીય સ્થિતિ જોતાં હૈયું વ્યથા અનુભવે છે. આવા મોંઘા શિક્ષણ પછી પણ સુસંસ્કારના નામે તો મીંડુ જ ને ! તપોવન કે ગુરૂકુલમ્ જેવી આંગળીના વેઢે ગણાય તેવી સ્કૂલ છોડતાં બાકીની સ્કૂલોમાં કોન્વેન્ટ શિક્ષણનાં કારણે બાળકો ગળથૂંથીના સંસ્કારો ભૂલીને કોન્વેન્ટ કલ્ચરમાં ગોઠવાઇ જાય છે.

આવા સંતાનો શું ઘડપણમાં મા-બાપની સેવા કરશે ખરા?

બીજી બાજુ જો તમારા લાડકવાયા યુવાનને જૈનધર્મના પ્રોફેસર બનાવો તો તમારી સર્વ ચિંતા દૂર થઈ જાય. એક રૂપિયાના ડોનેશન કે ફી વગર જૈનધર્મના જ્ઞાનના જાણકાર પંડિત, અધ્યાપક એટલે જૈન પ્રોફેસર બને. સાધુ-સાધ્વીને ભણાવે. શ્રીસંઘની પાઠશાળાને ભણાવે, દેશ વિદેશમાં પર્યુષણ વગેરેની આરાધના કરાવે અને જીવનનિર્વાહ માટે સારી એવી સંપત્તિ પણ પગારરૂપે મેળવી શકે. આજે જૈન પ્રોફેસર રૂ. ૨૫,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ સુધી દર મહિને મેળવી શકે છે. ઓનલાઇન પાઠશાળા પણ ભણાવી શકે છે. સાધુ-સાધ્વીજી પછીનું નિષ્પાપ અને નિર્દોષ જીવન જૈન પ્રોફેસરનું ગણાય. શ્રાવકજીવનના સિદ્ધાંતો પોતે સમજેલો હોય અને અનેકને ધર્મ માર્ગે જોડનારો બને છે. તો વિચારો છો શું? આજે જ કોન્ટેક્ટ કરો શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા - અમદાવાદ, શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા-મહેસાણા, શ્રી નાકોડા જૈન જ્ઞાનશાળા. જ્યાં ફાવે ત્યાં તમારા લાડકવાયાને જૈન પ્રોફેસર બનાવવા તૈયાર થઇ જાઓ. તમારું અને તમારા સંતાનનું હિત અકબંધ થઇ જશે.